# માતૃભાષાને યુવા પેઢી પાસે લઈ જવાનો ઉમળકો શું કરાવે છે ?

મૃગેશ શાહ

**થોડા** સમય પહેલાં હું એક સમારંભમાં ગયો જેમાં પોસ્ટ ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ અલગ-અલગ વિષયો પર પોતાનું વક્તવ્ય રજૂ કરવાનાં હતા. બન્યું. એવું કે આ બધા વિદ્યાર્થીઓમાં એક વિદ્યાર્થીએ જૂના સોફ્ટવેર વાપરવાના ગેરફાયદા સમજાવતાં કહ્યું કે 'જૂના સોફ્ટવેર વાપરવા એટલે જાણે કે ફિલ્મ અને મ્યુઝિકના જમાનામાં ગુજરાતી સાહિત્યની ચોપડી લઈને વાંચવા બેસવું'. તેની આ ઉપમા સાંભળી હોલમાં બધા હસવા લાગ્યા, પરંતુ હું આ સાંભળીને સ્તબ્ધ થઈ ગયો. કશુંક જાણે કે હૃદયની આરપાર નીકળી ગયું !

ઘરે આવીને મેં તેની વાતને ગંભીરતાથી લઈને ચિંતન કર્યું. શું ગુજરાતી સાહિત્યની યુવાનોમાં આવી છાપ છે ? એક સમયે જે સાહિત્યને સંસ્કારસિંચનનું શ્રેષ્ઠ માધ્યમ માનવામાં આવતું તે શું આજે મનોરંજનનાં સાધનોની તુલનામાં પણ નથી રહ્યું? યુવાનો ગુજરાતી સાહિત્ય વિશે શું વિચારે છે? એમના મનમાં શું છે? આવા અનેક પ્રશ્નો મારા ચિત્તને ઘેરી વળ્યા. આમ તો વિદ્યાર્થીઓ અને મારી ઉંમર વચ્ચે ઘણો ઓછો તફાવત હોવાથી હું તેમના મનોભાવને સમજી શકતો હતો, પરંતુ તેમ છતાં સાહિત્યની બાબતમાં તેઓ આવું વિચારતા હશે તેનો મને જરા પણ ખ્યાલ ન હતો. મારા માટે આ વાત બહુ ચોંકાવનારી હતી.

અલગઅલગ ક્ષેત્રમાં અભ્યાસ કે વ્યવસાય કરનારા આજના યુવાનોના મનમાં સાહિત્ય માટે કેવા વિચાર છે તે જાણવાનું મને કુતૂહલ થયું અને એ પછી મેં તેની રીતસરની ખોજ આરંભી. જ્યાં યુવાનો મોટા પ્રમાણમાં જતા હોય એવા બુકસ્ટોર્સની મુલાકાત મેં લીધી. ત્યાંના કર્મચારીઓને ગુજરાતી પુસ્તકોનું વેચાણ કેટલા પ્રમાણમાં થાય છે તેની વિગતો પૂછી. કોલેજમાં અભ્યાસ કરતા કેટલાક મિત્રો અને તેમના બીજા સહાધ્યાયીઓના શોખ વિશે માહિતી મેળવી. ઈન્ટરનેન્ટ પર ઑનલાઈન ચેટ કરીને યુવાનો સાથે સાહિત્યની બાબતમાં વાતો કરી. પાર્ટીઓ અને ફંકશનોથી લઈને વિવિધ કોચિંગ કલાસીસમાં અભ્યાસ કરતાં યુવાનો સુધી પહોંચવાના જેજે રસ્તા મળ્યા તે બધા હું ઘૂમી વળ્યો. આવું લગભગ એક મહિના સુધી ચાલ્યું. આ હું શું કામ કરું છું ? શેની માટે કરું છું તે હું નક્કી નહોતો કરી શકતો, પરંતુ ગુજરાતી સાહિત્યની યુવાનોમાં છાપ કેવી છે એ જાણવાની મને ખૂબ તાલાવેલી હતી. જેજે માહિતી મળી તે અંગે હું વિચાર કરતો ગયો અને સંપૂર્ણ માહિતી ભેગી થયા પછી મારા મનમાં યુવાનો અને ગુજરાતી સાહિત્ય અંગે એક આખું ચિત્ર તૈયાર થયું જેની ભયાનકતા કોઈને પણ ધ્રુજાવી મૂકે એવી હતી. મોટા ભાગના યુવાનોએ કહ્યું કે 'પુસ્તકો વાંચવાનો જ કંટાળો આવે છે. એટલું બધું કોણ વાંચે ?' જે લોકો પોસ્ટ ગ્રેજ્યુએટ કે પ્રોફેશનલ અભ્યાસક્રમોમાં રોકાયેલા હતા એમણે તો વળી એમ કહ્યું કે 'અમારે આ પાંચસોથી હજાર પાનાંનાં અભ્યાસનાં પુસ્તકો ઓછાં છે તે અમે હજી સાહિત્યનાં બીજાં બસો-ચારસો પાનાંનો વધારો કરીએ ?' ઘણા વિદ્યાર્થીઓએ મને નિખાલસતાથી કહ્યું કે, 'સર, વાંચવાનું નથી ગમતું એમ નથી. પરંતુ અભ્યાસનું સાતથી દસ કલાક વાંચ્યા પછી મગજ થાકી જાય ત્યારે અખબારને અડકવાનું પણ નથી ગમતું તો પુસ્તક તો ક્યાંથી વંચાય? એવા સમયે તો ફિલ્મ જોવા જવાનું ગમે, મ્યુઝિક સાંભળવાનું ગમે, ઈન્ટરનેટ પર જઈને મિત્રો સાથે ગપ્પાં મારવાનું ગમે, વેબબસાઈટો જોવાનું ગમે.' કેટલાકે એવું કહ્યું કે, 'વાંચવાનું ગમે છે, ખૂબ ગમે છે, પરંતુ વાંચવું શું એ ખબર નથી પડતી. અત્યારે કયું નવું ગુજરાતી પુસ્તક ખરીદવા જેવું-એવું મિત્રોને પૂછીએ તો એ લોકો અમારી મજાક ઉડાવે છે કે તું કઈ સદીમાં જીવે છે ? બધાને લેટેસ્ટ સી.ડી. ટાઈટલ્સનાં નામ ખબર છે, પરંતુ લેખકો કે પુસ્તકોના નામ ખબર નથી.' આઈ.ટી. ક્ષેત્રમાં કામ કરતાં અને પૂના, બેંગલોર અને અમેરિકા રહેતા મારા કેટલાક મિત્રોને પૂછ્યું કે તમારો આ બાબતમાં શો અભિપ્રાય છે ? એમણે કહ્યું કે ' વતન તો બહુ યાદ આવે છે. કોઈ ગુજરાતી અખબારોનો ટુકડો મળી જાય તો જાણે ગુજરાતમાં આંટો મારી આવ્યા હોય એવું લાગે છે, પરંતુ અહે ગુજરાતી એટલા પ્રમાણમાં વાંચવા નથી મળતું. સમાચાર તો ચેનલો અને ઈન્ટરનેટથી મળી જાય છે, પણ તેમ છતાં રોજેરોજ આપણ

**તમારા પ્રિય ગુજરાતી સર્જકનો લેખ નેટ પર વાંચવો છે ? વાંચો...**